BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

**બ્રેમ્પટન સીટી કાઉન્સિલે સતત ચોથી વખત ટેક્સ ફ્રીઝ કરીને (કરવેરા સ્થિર રાખીને) અને બ્રેમ્પટનમાં આરોગ્ય સંભાળ વિસ્તરણ માટે રૅકોર્ડ કટિબદ્ધતા દર્શાવીને 2022 બજેટ મંજૂર કર્યું**

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ડિસેમ્બર 8, 2021) – બ્રેમ્પટન સીટી કાઉન્સિલે આજે પોતાની ખાસ કાઉન્સિલ મીટિંગમાં સીટી ઑફ બ્રેમ્પટનનું 2022 નું બજેટ સર્વાનુમતે મંજૂર કર્યું.

આ મુદત દરમિયાન, સેવા ઉત્કૃષ્ટતા જાળવી રાખીને રહેવાસીઓ અને ધંધાઓ માટે મૂલ્ય હાંસલ કરવા સામુહિક ધોરણે કાર્ય કરીને, બ્રેમ્પટન સીટી કાઉન્સિલે નાણાકીય ટકાઉપણું ટોચમાં ધ્યાનમાં લીધું. અનામત ભંડોળ પેટે રૅકોર્ડ $117 મિલિયનનો ફાળો જાળવી રાખીને અને નવી પીલ મેમોરિયલ હોસ્પિટલ માટે ભંડોળના $62.5 મિલિયન નિર્ધારિત કરીને આરોગ્ય સંભાળ વિસ્તરણમાં પોતાની કટિબદ્ધતા દેખાડીને, પોતાના કાર્યસમયના અંતિમ અંદાજપત્ર તરીકે, આ સતત ચોથું વર્ષ છે કે આ કાઉન્સિલ સીટીના બજેટને ભંડોળ પૂરું પાડવા 0% જેટલો મિલકત વેરો વધારશે.

સીટીનું COVID-19 મહામારીમાંથી પસાર થઇને આગળ વધવાનું ચાલુ છે ત્યારે, સતત ચોથી વખત ટેક્સ ફ્રીઝ કરવાની સાથે સાથે, વર્ષ 2022 નું બજેટ કાઉન્સિલની અગ્રતાઓની પરિભાષાને ટેકો આપે છે, અને તે નાણાકીય ટકાઉપણું, વિકાસની તકો અને સ્થિતિસ્થાપકતા પર કેન્દ્રિત છે.

સીટીના 2022 બજેટ પર વધુ માહિતી અહીં જોઇ શકાય છે.

**આંકડાઓ પ્રમાણે**

- મંજૂર થયેલું વર્ષ 2022 નું બજેટ ટેક્સ બિલના સીટીના ભાગ પર 0% મિલકત વેરો ફ્રીઝ કરવામાં પરિણમશે.
- 2022 માટે કુલ બજેટ $1.1 બિલિયન જેટલું છે, જે $780 મિલિયન ઓપરેટિંગ બજેટ (નિભાવ-જાળવણી, યુટિલિટીસ, અનામત ભંડોળ, કર્મચારીઓનો પગાર) અને $341 મિલિયન કેપિટલ બજેટ (ખરીદી, મોટું સમારકામ અને અસ્ક્યામતો બદલવી: રસ્તાઓ, ઈમારતો, વગેરે)નું બનેલું છે.
- સીટીના બજેટમાં સીટીના અનામત ભંડોળમાં $117 મિલિયન જેટલો સૌથી વિશાળ વાર્ષિક ફાળો જાળવી રાખવામાં આવ્યો છે, જેનાથી તેની નાણાકીય સ્થિતિ મજબૂત બને છે અને ભાવિ આકસ્મિક જરૂરિયાતો અને કટોકટીઓને પહોંચી વળવા તૈયાર રહીને, અને માળખાગત સગવડો અને ટ્રાન્ઝિટને સહાયરૂપ બની શકાય છે.

**ઝાંખીઓ**

- મનોરંજનલક્ષી સગવડોના નવા બાંધકામ માટે $65.2 મિલિયન જેમાં યુથ હબ અને સ્પોર્ટ્સ હૉલ ઑફ ફેમ સામેલ છે
- $4.7 મિલિયન પાડોશમાં નવા કે સુધારેલા પાર્ક્સ, અદ્યતન બનાવેલા માર્ગો, સ્પોર્ટ્સ વિસ્તારો, રમતગમતના મેદાનો, અને ટ્રેઇલ્સ (પગદંડીઓ) માટે
- ડાઉનટાઉન બ્રેમ્પટનમાં શિક્ષણ, રોજગાર અને ધંધાકીય વિકાસની તકો માટે ત્રણ વર્ષના ગાળામાં $9.1 મિલિયન; $13.4 મિલિયન ડાઉનટાઉન બ્રેમ્પટનની પુનરોદ્ધાર (રિવાઇટલાઇઝેશન) પહેલો માટે; અને સેન્ટર ફૉર ઇનોવેશનના બાંધકામ માટે તૈયારી કરવા $20 મિલિયન

- $19 મિલિયન નવી બસો માટે; જેમાંની મોટા ભાગની ઈલેક્ટ્રિક બસો રહેશે;  $17 મિલિયન ચિંગકુસી રોડ કોરિડોર પર ઝુમ સર્વિસ વિસ્તરણ માટે (2022 માં $3.3 મિલિયન)
- $22.6 મિલિયન રસ્તાની સપાટીઓ ફરી સરખી કરવા, પુનઃનિર્માણ અને અન્ય સુધારાઓ માટે
- ડાઉનટાઉન સહિત, આસપાસના વિસ્તારમાં પૂર શમન અને આર્થિક સંભાવના ખોલવા માટે રિવરવૉક પ્રોજેક્ટ માટે ત્રણ વર્ષમાં $100 મિલિયન (2022 માં $9.3 મિલિયન)
- અશ્વેત અને સ્વદેશી યુવાનો માટે ઇન્ટર્નશિપ અને કૉ-ઑપ. કાર્યક્રમો; બ્રેમ્પટન લાઇબ્રેરી માટે વિવિધતા, સમાનતા અને સમાવેશ યોજના
- વધારે સુરક્ષિત રસ્તાઓ માટે આઠ નવા સ્વચાલિત સ્પીડ એન્ફોર્સમેન્ટ કૅમેરા

**સમુદાયે ઘડેલા આકાર મુજબ**

સીટીએ 2022 નાં બજેટ પર પોતાના મંતવ્યો પૂરા પાડવા જાહેર જનતાને આમંત્રિત કરી, જે ઈમેઈલ, ફોન, અને ટેલી ટાઉન હૉલ્સ દ્વારા પૂરા પાડી શકાય જેમાં નીચેના એકમો પ્રવૃત્તમય કર્યા:

- 50 ધંધાઓ - સમર્પિત બિઝનેસ ટાઉન હૉલ મારફતે
- 5900 રહેવાસીઓ - પબ્લિક ટેલી ટાઉન હૉલ મારફતે
- 280 જવાબો - સોશિયલ મીડિયાથી મતદાન કરીને
- નવ પ્રતિનિધિમંડળો (ડેલિગેશન્સ)
- સ્થાનિક બોર્ડ્સની બે રજૂઆતો જેમાં સામેલ છે ડાઉનટાઉન બ્રેમ્પટન BIA અને બ્રેમ્પટન લાઇબ્રેરી

સીટીએ ઘણાં રહેવાસીઓ, સંસ્થાઓ અને હિતધારકોને પણ સાંભળ્યા જેઓની રજૂઆત બજેટ કમિટીને નવેમ્બરમાં કરવામાં આવી.

**અવતરણો (ક્વૉટ્સ)**

“કાઉન્સિલની અંતિમ બજેટની આ મુદત માટે, આપણાં શહેર માટે નાણાકીય ટકાઉપણું અને વિકાસને ટોચમાં ધ્યાનમાં રાખીને, અમે સર્વાનુમતે બ્રેમ્પટનના સતત ચોથા ટેક્સ ફ્રીઝને ટેકો આપીને તે મુક્ત કરીએ છીએ અને અનામત ભંડોળમાં રૅકોર્ડ ફાળો જાળવી રાખીએ છીએ. અમે ન્યૂ પીલ મેમોરિયલ હોસ્પિટલ માટે $62.5 મિલિયનનું ભંડોળ નિર્ધારિત કરીને, બ્રેમ્પટનની આરોગ્ય સંભાળ કટોકટીને સંબોધવામાં અમારી કટિબદ્ધતા પુનઃસ્થાપિત કરીએ છીએ. આપણું COVID-19 મહામારીમાંથી પસાર થઈને આગળ વધવાનું ચાલુ છે ત્યારે 2022 નાં બજેટથી સમુદાયને ટેકો મળશે, અને સમગ્ર બ્રેમ્પટન માટે ઉત્કૃષ્ટ જીવનની ગુણવત્તા અને સેવા પૂરી પાડવામાં સતત સફળતા માટે સીટીને સ્થાપિત કરશે.”

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઑફ બ્રેમ્પટન, પ્રમુખ - બજેટ કમિટી*

“આપણે સમગ્ર 2022 ની બજેટ પ્રક્રિયા દરમિયાન બ્રેમ્પટનવાસીઓને પ્રવૃત્તમય બનાવવામાં કટિબદ્ધ હતા, અને તેઓએ પોતાનો અવાજ સંભળાવ્યો – બ્રેમ્પટનવાસીઓ ટેક્સ બિલો પરવડી શકે તેવા રાખવાની સાથે સાથે, સેવાના સ્તરો જળવાય તેમ ઇચ્છે છે. સીટીએ ટેલી ટાઉન હૉલ્સમાં 50 થી વધારે ધંધાઓ અને 5,900 રહેવાસીઓને પ્રવૃત્તમય કર્યા, અને સોશિયલ મીડિયામાં મતદાનથી 280 જવાબો મળ્યા. સીટીનું 2022 નું બજેટ તેઓના મંતવ્યોને પ્રતિબિંબિત કરે છે, અને બ્રેમ્પટનનું આરોગ્યપ્રદ, વૈવિધ્યસભર, નવીન અને ગતિશીલ સમુદાય તરીકે ભાવિ ઘડતી વખતે, સીટીને નાગરિકો માટે મૂલ્ય પૂરું પાડવા દેશે.”

*- પૉલ વિસેંટે (Paul Vicente), પ્રાદેશિક કાઉન્સિલર, વૉર્ડ્સ 1 અને 5, અને ઉપાધ્યક્ષ, બજેટ કમિટી*

“આપણે મહામારીમાંથી બહાર આવીએ ત્યારે આર્થિક સ્થિતિસ્થાપકતા અને કાયમી રોકાણો પર ધ્યાન કેન્દ્રિત કરીને, 2022 બજેટ સીટીને આગળ લઈ જશે અને આપણાં વિકસતા સમુદાયનું ભાવિ ઘડવામાં મદદરૂપ થશે. આ બજેટ કાઉન્સિલની અગ્રતાની પરિભાષાને અનુરૂપ છે અને આપણને તકો ઊભી કરવા, સીટીની સગવડો, જાહેર સ્થળો જાળવવા, આપણાં રહેવાસીઓને જીવનની ગુણવત્તામાં ફાળો આપતા કાર્યક્રમો અને સેવાઓ ચાલુ રાખવા દેશે.”

*- ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઑફ બ્રેમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોર્ડિનેટર, મીડિયા એન્ડ કમ્યુનિટી એન્ગેજમેન્ટ (Coordinator, Media & Community Engagement)
સ્ટ્રેટેજીક કમ્યુનિકેશન (Strategic Communication)
સીટી ઑફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca